અશક્ય લાગતી સમસ્યાઓને શક્ય બનાવવાનો પ્રયાસ કરતા રિતુબહેન કહે છે કે,

# સારવારની જરૂરિયાત કરતા મોટી સમસ્યા સારવાર સુધી પહોંચવાની છે



અમદાવાદ, મંગળવાર

સમાજ આસપાસમાં રહેતા લોકોના સહકારથી જ બનતો હોય છે. સમાજના વિકાસ માટે સરકાર કે સંસ્થાઓ જ નહીં પરંતુ દરેક વ્યક્તિની નાની પહેલ પણ મહત્વની હોય છે. સમાજસેવાના ગુણો પરિવાર તેમજ વડીલોને અનુસરીને મળતા હોય છે. મુકુલ માધવ ફાઉન્ડેશનના કો-ફાઉન્ડર રિતુ પ્રકાશ છાબરિયા જેમણે પિતાથી પ્રેરિત થઈ લોકોના જીવનને સરળ બનાવવાની કામગીરી શરૂ કરી.

તેઓ કહે છે કે, 'હું જ્યારે નવ વર્ષની હતી, ત્યારે જન્મદિવસ પર ભેટરૂપે મળતી રકમને પ્રજ્ઞાચક્ષુ લોકોની મદદ માટે આપી દેતી. બાળપણમાં મારા પિતા હંમેશા લોકોને સહયોગ કરવા તત્પર રહેતા હતા તેથી તેમનાથી પ્રેરિત થઈ મારો અભ્યાસ સમાજના દરેક લોકોને ઉપયોગી બને તેવું વિચારી મેં ૧૭ સસ્ટેનેબિલિટી ગોલ્સ પર કામ કરવાનું શરૂ કર્યું. શિક્ષણ, મહિલા સશક્તીકરણ, સ્કિલ ડેવલપમેન્ટ, પર્યાવરણ અને આરોગ્ય જેવા વિવિધ સેક્ટરોમાં લોકોને મદદરૂપ થવાનો પ્રયાસ કરું છું. મેં પ્રાથમિક સારવાર ક્ષેત્રે ઘણું કાર્ય કર્યું છે. સારવારની જરૂરિયાત કરતા મોટી સમસ્યા સારવાર સુધી પહોંચવાની હોય છે. જે માટે અમારા ફાઉન્ડેશન દ્વારા અનેક અશક્ત અને જરૂરિયાતમંદો સુધી પહોંચાયું છે.